Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ગુપ્તયુગ "પ્રાચીન ભારતનો સુવર્ણયુગ"

**Mayursinh Ranjitsinh Adiol**
Associate Professor (History), Govt. Arts & Commerce College, Gambhoi (S. K.)
Email – mayursinhadiol@gmail.com MO - 9737674510

**ગુપ્તયુગ એક  જવલંતયુગ :-**

જેવી રીતે વ્યકતિના જીવનમાં ચડતી પડતી ના ક્રમો આવ્યા કરે છે, તેવી જ રીતે રાષ્ટ્રના ઈતિહાસમાં પણ ચડતી પડતી આવ્યા કરતી હોય છે, મૌર્યયુગમાં ભારતીય સંસ્કૃતિનો સૂર્ય જવલંત રીતે પ્રકાશમાન થયો, પરંતુ મહાન અશોકના મૃત્યુ (અવસાન) પછી એ સૂર્યની આસપાસ ગ્રીક, શક અને કુશાન જેવા પરદેશી વાદળાઓ ફરી વળ્યા અને થોડી સદીયો સુધી ભારતીય ઈતિહાસનું વાતાવરણ ધુંધળુ રહ્યું.

અલબત, આ સમય દરમ્યાન ભારતીય સંસ્કૃતિએ આ પરદેશીઓને પોતાનામાં સમાવી દેવાની પ્રવૃતિ ચાલુ રાખી હતી, તો બીજી બાજુએ તમને હાકી કાઢવાના પ્રયત્ન પણ ચાલુ રહ્યા હતા.  આવો મહત્વનો પ્રયત્ન સૌ પહેલો કરનાર દક્ષિણે વરાડના વાકાટકો હતા. પરંતુ ઈસુની ચોથી સદીમાં મગધમાં મહાન ગુપ્ત સમ્રાટોનું શાસન સ્થપાયુ નહી ત્યાં સુધી આ પરદેશીઓને ભારતની ભૂમિ પરથી ઉખેડી શક્યા નહિ. બીજી અનેક બાબતોની સાથે આ મહાન સિદ્ધીને કારણે પણ ગુપ્તયુગ ભારતના ઈતિહાસનો જવલંતયુગ ગણાય છે.[૧]

"ગ્રીસના ઇતિહાસમાં જેવું સ્થાન પેરિકિલસનો યુગ ધરાવે છે,
તેવું સ્થાન પ્રાચીન ભારતના ઇતિહાસમાં ગુપ્તયુગ ધરાવે છે."[૨]

- ડૉ.એલ. ડી. બાર્નેટ

**મગધનું ગુપ્ત શાસન :-**

મગધના ગુપ્ત શાસનને વિદ્વાનો બે વિભાગમાં વહેચે છે .

૧. સામ્રાજ્યવાદી ગુપ્તો અને  ૨. મગધના પાછલા ગુપ્તો .

સામ્રાજ્યવાદી ગુપ્તો 'મહાન ગુપ્તો' (Greater Guptas) અને પાછલા ગુપ્તો 'ગૌણ' ગુપ્ત રાજવીઓ (Lesser Guptas) તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે ચંદ્રગુપ્ત-૧ માંડીને સ્કંદગુપ્ત સુધીના બધા ગુપ્ત સમ્રાટો મહાન હતા. જ્યારે તે પછી લગભગ છઠ્ઠી સદીના ઉત્તરાર્ધ સુધી માળવા અને મગધમાં ગુપ્ત રાજવીઓનું શાસન ચાલુ હોવા છતાં, તેમની કારકિર્દી કોઈ પણ રીતે જવલંત ન હતી એટલે એ રાજવીઓને ગૌણ  જ ગણવા રહ્યા.[3]

**ગુપ્ત કોણ હતા ?**

(મૌર્ય સામ્રાજ્યના પતન પછી લગભગ ૫૦૦ વર્ષ સુધી ઉત્તર ભારતમાં કોઈ શક્તિશાળી રાજ્ય ન હતું. દેશ રાજતાંત્રિક અને જનતાંત્રિક રાજ્યો (ગણરાજ્યો અને રાજાશાહી રાજ્યો) માં વહેંચાઇ ગયો હતો. પ્રજાએ પરદેશી આક્રમણો સામે એક શક્તિશાળી શાસનની આવશ્કતાઓ અનુભવ કર્યો. આ સમય દરમિયાન પશ્ચિમમાં નાગભારશિવ, દખ્ખણમાં વાકાટક અને પૂર્વમાં ગુપ્તનો ઉદય થયો.)[૪]

આ ગુપ્તવંશી સમ્રાટો કોણ હતા, તે સંબંધમાં વિદ્વાનોએ અનેક કલ્પનાઓ પ્રસ્તુત કરી છે. હેમચંદ્રરાય ચૌધરી મતે "ગુપ્તો બ્રાહ્મણ જાતિના હતા" જ્યારે ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલ તેમને શુદ્ર જાતિના ગણે છે.

ડૉ. એલન આયંગર અને ડૉ. સદાશિવ આલ્તેકરના મંતવ્ય પ્રમાણે ગુપ્તો વૈશ્ય જાતિના હતા. વિષ્ણુપુરણ મુજબ વૈશ્યના નામની પાછળ 'ગુપ્ત' શબ્દનો પ્રયોગ હોવો જોઈએ. ગુપ્ત વંશના બધા રજાઓના નામની પાછળ 'ગુપ્ત' શબ્દ આવે છે. માટે તેઓ વૈશ્ય જાતિના હોવાની પ્રતિતી થાય છે. વળી ગુપ્તોનું ગોત્ર '**ધારણ**' અગ્રવાલ જાતિનું હતું. જે વૈશ્યમાં સૌથી મોટો અને સમૃધ્ધ સમાજ છે, તનુ એક પ્રસિધ્ધ ગોત્ર છે.

ઉપરોક્ત ચર્ચાને અંતે કહી શકાય કે, ગુપ્તો વૈશ્ય જાતિના હતા.

**સુવર્ણયુગ એટલે શું ?**

સુવર્ણયુગ એટલે, દેશની સમસ્ત પ્રજાની સર્વોત્કૃષ્ટ પ્રગતી માટે ત્રણ બાબતો જરૂરી છે.

(૧) દેશમાં રાજકીય શાંતિ, સલામતિ અને સુવ્યવસ્થા.

(૨) ખતી વ્યાપાર અને હુન્નર ધંધાનો વિકાસ એટલે કે આર્થિક સમૃધ્ધિ,

(૩) બૌધ્ધિક, આધ્યાત્મિક અને માનસિક પ્રગતીના માપદંડ સમાન ગણાતા સાહિત્ય, સ્થાપત્યકલા, ધર્મ અને વિજ્ઞાનનો વિકાસ.

આ ત્રિવિદ્ય તત્વોનો સુભગ સમન્વય એટલે સુવર્ણયુગનું સર્જન. પ્રાચીન ભારતમાં ગુપ્તોનો સાશનકાળ ઉપરોક્ત તમામ લક્ષણીકતાઓ ધરાવતો હતો માટે પ્રાચીન ભારતીય ઇતિહાસમાં ગુપ્તકાળને "સુવર્ણયુગ" તરીક ઓળખવામાં આવે છે. (ડૉ. આર. સી. મજુમદાર )

"સંસ્કૃતિનો 'સુવર્ણયુગ' તો આખરે પ્રજા સમસ્તના પરિશ્રમનું અને સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્ર તથા સાહિત્ય, કલા, ધર્મ અને વિજ્ઞાનના ક્ષેત્રોએ સમસ્ત પ્રજાએ લાંબા સમયથી આદરેલી તપસ્યાનું જવલંત પરિણામ ગણાય છે."

**- શ્રી દર્શક**

**ગુપ્ત સમ્રાટોનો ફાળો** :

ગુપ્ત સમ્રાટોના શાસનકાળ દરમ્યાન ઉપરોક્ત પરિસ્થિતિઓનું, ભલે સંપૂર્ણપણે નહિ તો મહદ અંશે સર્જન થયેલું હતું અને યશ વાજબી રીતે જ ગુપ્ત સમ્રાટોને ફાળે જાય છે. ઈતિહાસ વિવેચક ડૉ. મજુમદાર ગુપ્ત સમ્રાટોની આ સિદ્ધિના વખાણ કરતાં લખે છે કે, "ગુપ્ત સમ્રાટોએ લોકોને શાંતિ અને સમૃદ્ધિ આપી જેની પ્રસંશા પરદેશી મુસાફરોએ પણ કરી છે. તેમના યુગમાં ભારતે અદભૂત ભૌતિક પ્રવૃત્તિ અને વિકાસને નિહાળ્યા... એમ માનવાને ચોક્કસ કારણ મળે છે કે, ગુપ્ત સમ્રાટોએ સ્થાપેલા રાજયતંત્ર અને તેમનામાંના કેટલાંક ભવ્ય વ્યક્તિત્વે આ પરિવર્તન લાવવામાં પણ મોટો ભાગ ભજવ્યો."

ડૉ. મજુમદારના શબ્દોમાં જરાપણ અતિશયોક્તિ નથી. ઉત્તરે હિમાલયથી દક્ષિણે નર્મદા સુધી અને પૂર્વે બંગાળ થી પશ્ચિમે અરબ સમૃદ્ધ સુધી ગુપ્તોએ જે રાજકીય એકતા અને વહીવટી વ્યવસ્થા આણી, તેને જ કારણે લગભગ દોઢસો વર્ષ સુધી ભારતમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિ રહ્યાં અને તેથી બૌદ્ધિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે અદ્વિતિય પ્રગતિના યુગનું સર્જન થયું. ગુપ્તોના શાસનની આ અભૂતપૂર્વ સિદ્ધ હતી.[૫] આ સિદ્ધની સમાલોચના વધારે યોગ્ય રીતે થઈ શકે તે માટે આપણે આપણા અવલોકનને નીચે પ્રમાણે વહેંચી નાખીશું.

(૧) ગુપ્તકાલિન શિક્ષણ પદ્ધતિ.

(૨) આર્થિક સમૃદ્ધ

(3) ગુપ્તકાલિન સિક્કાઓ

(૪) સાહિત્ય, કલા અને વિજ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ.

(૫) ધાર્મિક ઉદારતા અને સહિષ્ણુતા.

વિષય પ્રવેશ – ગુપ્તયુગ – પ્રાચીન ભારતનો "સુવર્ણયુગ"

**(અ) શિક્ષણ પદ્ધતિ** :-

જ્ઞાન એ માણસનું ત્રીજું નેત્ર છે. મહાભારતમાં પણ લખ્યું છે કે, "વિદ્યા જેવું બીજું કોઈ ચક્ષુ નથી."[૬]

આદ્યાત્મિક ક્ષેત્રે વિદ્યા મુક્તિ અપાવે છે. તથા ભૌતિકક્ષેત્રે વિદ્યા સાર્વત્રિક પ્રગતિ અને સમૃદ્ધિ અપાવે છે માટે જ ભર્તુહરી કહે છે કે, "શિક્ષણ વગરના આપણે માત્ર પશુઓ જ છીએ" પ્રાચીન ભારતમાં ગુપ્તયુગમાં શિક્ષણની વ્યવસ્થા નીચે મુજબ હતી.

**(૧) પ્રાથમિક શિક્ષણ (મૌખિક પરંપરા)** :

ગુપ્તયુગ દરમ્યાન બાળકને છ વર્ષની વયે વિદ્યારંભ્ય સંસ્કાર દ્વારા શિક્ષણનો પ્રારંભ અક્ષરજ્ઞાનથી થતો ગુરુકુળમાં જાય તે પહેલાં લખતા વાચતા શિખતો અને પ્રારંભિક ગણિતનો જાણકાર થઈ જતો. ગુપ્તકાલીન અવશેષો અને સાહિત્યમાંથી તે અંગેની માહિતી મળે છે. 'લલિત – વિસ્તર' નામના બૌદ્ધ ગ્રંથમાં પ્રારંભિક શિક્ષણ માટે લીપી શાળા અને શિક્ષક માટે દ્વારકાચાર્ય શબ્દનો ઉલ્લેખ આવે છે. તાજેતેરમાં જ કૌશામ્બીમાંથી માટીના ફલક મળી આવ્યા છે. જેના પર બાળકોની લખવાની પાટી ઉપર બ્રાહ્મી અક્ષર અંકિત છે. પરંતુ ફહ્યાનના મત મુજબ ગુપ્ત સમયમાં લીપી બૌદ્ધ સાહિત્યનો અભાવ હતો. પાટલીપુત્ર સિવાય બીજે ક્યાંય લિપિસાહિત્ય મળી આવ્યું નથી. આથી ફાહ્યાનના મતે ગુપ્તયુગ દરમ્યાન શિક્ષકો સર્વ શિક્ષણ મૌખિક રીતે આપતા હતા. મૌખિક શિક્ષણ પદ્ધતિની ચર્ચા કરતાં કૌટિલ્ય લખે છે કે સૌથી પહેલાં તેજ રૂમ છે કે શિષ્યમાં **'સુશ્રુત'** એટલે કે અધ્યાપકના મુખેથી જ્ઞાન સાંભાળવાની **'જીજ્ઞાસા'** હોય.[૭] તે વખતની શિક્ષણ-પધ્ધતિ માટે ઉક્તિ છે કે શિષ્ય પોતાના આચાર્ય પાસેથી માત્ર ચોથા ભાગનું જ્ઞાન પ્રાપ્ત કરતો અને ચોથા ભાગનું પોતાની બુધ્ધિથી પ્રાપ્ત કરતો બાકીના અડધામાંથી ચોથું તે પોતાના સાથીદાર છાત્રો પાસેથી મેળવતો અને છેવટનું ચોથું સમય પસાર થતાં પોતાના જાત અનુભવથી મેળવતો.[૮]

**(૨) શિક્ષણનું માધ્યમ (પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં)** :-

ગુપ્તયુગ દરમ્યાન શિક્ષણ મુખ્યત્વે બે ભાષામાં અપાતું હતું. શિક્ષિત અને સમાજના ઉચ્ચવર્ગ માટે સંસ્કૃત ભાષા અને આમ પ્રજા કે સાધારણ જનસમાજ માટે પાકૃત ભાષાનો ઉપયોગ થતો હતો ગુપ્તયુગ પહેલાં પ્રાકૃત ભાષાની બોલબાલા હતી, પરંતુ ગુપ્તયુગ દરમ્યાન મહાન ગુપ્ત સમ્રાટોએ સંસ્કૃત ભાષાને રાજયાશ્રય આપીને રાજભાષા તરીકે અપનાવી. તેથી એ સમયના અભિલેખો, મુદ્રાઓ અને ગ્રંથો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયા હતા. ગુપ્તયુગમાં સમસ્ત વહીવટીકાર્ય સંસ્કૃત ભાષામાં થતું. આ સમય દરમ્યાન મનુષ્ય સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પોતાના વિચારો અભિવ્યક્ત કરતો. આ સમય દરમ્યાન પ્રચલિત બનેલી લિપિ 'ગુપ્તલિપિ' તરીકે ઓળખાઈ. જે પ્રાચીન બ્રાહ્મીલિપિનું એક જ રૂપ જ હતું.

**(3) શિક્ષણના વિષયો** :-

ગુપ્તયુગમાં પ્રાચીન પરંપરા પ્રમાણે વેદોનું અધ્યયન કરવાની પ્રણાલીકા પ્રચલિત હતી. પરંતુ વેદોને સમજ્યા વિના તેનું પઠન – પાઠન કરનારએ શુદ્ધ જેવો ગણવામાં આવતો. ગુપ્તકાલિન લેખોમાં કેટલીક વ્યક્તિઓને 'વેદોર્થદ' એવું ઉપનામ આપવામાં આવ્યું છે. ઉપરાંત વેદોની તૈતરીય જેવી શાખાનો પણ અભ્યાસ કરવામાં આવતો. ગુપ્તકાલીન અભિલેખોમાં **"ઉપાધ્યાય"** અને **"ચતુર્વેદી"** જેવા ઉલ્લેખો આવે છે. જે પરથી કહી શકાય કે, એક વ્યક્તિ અનેક વેદોનું અધ્યયન અને અધ્યાપન કરતાં હશે. અમુક વિશિષ્ટ પ્રસંગો પર વેદોના અભ્યાસની મનાઈ ફરમાવવામાં આવી હતી. તેમાં યાજ્ઞવલ્કયે બ્રહ્મચારી માટે સંધ્યાસમય, મેઘગર્જના, ભૂકંપ સમય, વિજળી દર્શન, અશૌચ અને મધ્યરાત્રી જેવા સમયે વેદોના અધ્યયનની મનાઈ ફરમાવી છે.

વેદ ઉપરાંત બીજાપણ અધ્યયનના વિષયો આ કાળમાં પ્રચલિત હતા. કાલિદાસ તમામ વિષયોને 'વિદ્યા' નામના શબ્દથી ઓળખાવે છે. જેમાં ૧૪ વિદ્યાનો ઉલ્લેખ આવે છે. જેમાં ૪ વેદ, ૬ વેદાંગ અને (એટલે કે છંદ, શિક્ષા, નિરુકત, કલ્પ, વ્યાકરણ અને જયોતિષ), પુરાણ, ન્યાય, મિમાંસા, વિચારણા અને ધર્મશાસ્ત્ર નો સમાવેશ થતો. વળી, હસ્તકલા, શિલ્પ, આયુર્વેદ, તર્કશાસ્ત્ર, નાટક, કાવ્ય જેવી લલિત કલાઓ અને સાહિત્ય પણ શિખવતા. વૈશ્યો માટેનું શિક્ષણના વિષયો જેવાકે મુક્તામણી, પ્રવાલ, ધાતુ, વસ્ત્ર, સુગન્ધિત, મિષ્ટાની, ભૂમિ ભૂમિકવર્ષણ, તોલ-માપ પશુપાલન વગેરે 'દિવ્યવધન' એ ચોથી સદીનો કથા સગ્રહ છે. ધનિક વણિક પુત્રોને લિપિ, ગણિત, મુદ્રાત્રણ, ઉપનીધિ, મણી આવાસ, હાથી, ઘોડા, સ્ત્રી-પુરુષનો પરિચય ઉલ્લેખ છે.[૯]

યશસ્નાત અને વસુદત્ત જેવા યોગદર્શનના આચાર્યો એ યુગમાં વિખ્યાત હતા. પતજંલીનું "મહાભાષ્ય" વ્યાકરણ શાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તક જેવું હતું. દિવાકરસેન જેવાના આશ્રમો સ્વયં વિદ્યાપીઠ જેવા હતા, જ્યાં ધર્મશાસ્ત્ર અને દર્શનનું શિક્ષણ અપાતું હતું.

**શૈક્ષણિક સંસ્થાઓ (ગુરુકુળ)** :-

ગુપ્તકાળ દરમ્યાન ધનિક અને રાજકુટુંબના કુમારો સિવાય અન્ય લોકોના બાળકો ગુરુના ઘરે જઈને તેમની સાથે રહી શિક્ષણ મેળવતા હતા. ગુરૂ પાસે આવા ૧૦–૧૨ વિદ્યાર્થીઓથી વધારે રહેતા નહી. ગુપ્તકાળ દરમ્યાન અધ્યાપનનું કાર્ય મોટે ભાગે બ્રાહ્મણો કરતાં હતા. મનસ્મૃતિએ બે પ્રકારના ગુરૂનો ઉલ્લેખ કર્યો છે.

**(૧) આચાર્ય** :- જે કોઈ શુલ્ક લેતા નહિ. જો કે આ આચાર્યને બ્રહ્મચારી (ગુરૂકુળનો વિદ્યાર્થી) પોતાનું શિક્ષણ પુરૂ થયા પછી યથાશક્તિ ગુરૂને ગુરૂદક્ષિણા આપતા.

**(૨) ઉપાધ્યાય** :- જે શુલ્ક લઈને શિક્ષણ આપતા હતા. ગુપ્ત સમ્રાટો બ્રાહ્મણ આચાર્યને દાનમાં 'અગ્રહાર' આપતા. પરિણામે તેઓ આર્થિક ચિંતામાંથી મુક્ત થઈ પોતાનું અધ્યાપન કાર્ય કરી શકતા. આવા ગુરૂઓનું રાજ્ય–સમાજમાં માનભર્યું સ્થાન હતું.

**(૫) વિદ્યાકેન્દ્રો (નાલંદા વિશ્વવિદ્યાલય)** :-

ગુપ્તકાલનમાં જ્યારે કોઈ આચાર્ય પોતાની વિદ્યા, જ્ઞાન વગેરેને લીધે વિશેષ ખ્યાતિ પ્રાપ્તિ કરતો ત્યારે તેની પાસે મોટી સંખ્યામાં લોકો શિક્ષણ પ્રાપ્ત કરવા આવતા. આમ તેનું

ગુરૂકુલ વિકાસ પામી મોટા વિદ્યાકેન્દ્રો અથવા વિશ્વવિદ્યાલયનું સ્વરૂપ ધારણ કરતું. આ પ્રકારનું વ્યવસ્થિત વિદ્યાધામ ઉત્તરકાલીન ગુપ્તકાલમાં 'નાલંદા બૌદ્ધ વિશ્વવિદ્યાલય' હતું.

નાલંદા બિહાર રાજ્યના પટના જીલ્લામાં બડગાંવ નામના ગામડાથી ૮ માઈલ ઉત્તરે આવેલું હતું. કુમારગુપ્ત પહેલાએ તેની સ્થાપના કરી હતી. નાલંદા વિદ્યાપીઠનો વિસ્તાર ૧ માઈલ લાંબો અને ૧/૨ માઈલ પહોળો હતો. તેમાં વિભિન્ન પ્રકારના આવાસો, વ્યાખ્યાનગૃહો, પુસ્તકાલયો, વેદશાળા વગેરે હતાં જેના અવશેષો ખોદકામથી મળી આવ્યા છે. મધ્યસ્થ મહાવિદ્યાલયમાં ૭ ખંડો હતા. તે ખુબ વિશાળ અને ઉંચા હતા. એક વિશાળ પુસ્તકાલય હતું, જે રત્નસાગર, રત્નોદધિ અને રત્નરંજન નામના ત્રણ ભવનોમાં વિસ્તરેલું હતું.[૧૦] વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થિત નિવાસ્થાનો હતા. આ વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો મળી ૧૦,૦૦૦ ની સંખ્યા હતી. જેમાં ૧૫૦૦ જેટલા અધ્યાપકો હતા. નાલંદા વિદ્યાપીઠના વિદ્વાન આચાર્યોમાં ધર્મપાલ, ચંદ્રપાલ, ગુણમતિ, સ્થિરમતિ, શીલભદ્ર, ધર્મકીર્તિ વગેરેનો સમાવેશ થતો હતો.

આ વિદ્યા પીઠમાં પ્રવેશ મેળવવા માટે અત્યંત કઠોર નિયમ હતા. પ્રવેશદ્વાર ઉપર જ એટલા અઘરા પ્રશ્ન પૂછવામાં આવતા કે તેના ઉત્તર ૧૦ વિદ્યાર્થીઓમાંથી ૨–૩ આપી શકતા. નાલંદાના અભ્યાસક્રમમાં બૌદ્ધ તત્વજ્ઞાન અને બ્રાહ્મણ ધર્મના તત્વજ્ઞાનનો અમલ થતો. ઉપરાંત વિજ્ઞાન, સામાજીક શાસ્ત્રો, કલા કારીગરી, તર્કશાસ્ત્ર, વ્યાકરણ, આયુર્વેદ, સાંખ્ય, યોગ, ઋગ્વેદ, વેદાંગ, પુરાણ, ખગોળ અને જયોતિષ જેવા વિષયોનું ગહન અધ્યયન થતું.

આ વિદ્યા વિહારે એટલી બધી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી કે ભારતના બધા જ ભાગોમાંથી અને મધ્યે એશિયાના ચીન, કોરિયા, જાપાનથી પણ વિદ્યાર્થીઓ અહી ભણવા માટે આવતા હતા. નાલંદાના આચાર્યોની દેશ – પરદેશમાં ખૂબ માંગ અને ખ્યાતિ હતી. અહીંથી મળી આવેલા અવશેષમાંથી શક–ક્ષત્રપ રૂદ્રસેનની બહેનની તેમજ કામરૂપના રાજા ભાસ્કર વર્માની અને હર્ષની રાજમુદ્રાઓ મળી આવી છે. જે પરથી માની શકાય કે ભારતના મહાન રાજવીઓ અની સમ્રાટો પણ નાલંદાના આચાર્યોની સલાહ લેતા હશે. આમ, ગુપ્તયુગ દરમ્યાન નાલંદા વિદ્યાપીઠે વિશ્વખ્યાતિ મેળવી હતી.

**(૬) સ્ત્રી શિક્ષણ અને રાજકુમારોની તાલીમ** :-

ગુપ્તયુગમાં સ્ત્રીઓ લખતાં–વાંચતા શીખતી તેમજ શાસ્ત્રોનું અધ્યપન અને કાવ્યોની રચનાપણ કરતી. ઘોષા, ગાર્ગી અને લોપામુદ્રા એ કાલની વિદૂષીઓ હતી. એ યુગની સ્ત્રીઓ લેખન, વાચન, નૃત્ય, શાસ્ત્રધ્યન, સંગીત, ચિત્રકળા અને ગૃહ સજાવટમાં પ્રવિણ હતી. '**મેઘદૂત**' માં યક્ષ-પત્ની તેના પતિના નામ પદ્યબધ્ધ પત્ર લખે છે. '**અભિજ્ઞાન શાકુંતલમ**' માં શકુંતલા કમળપત્ર પર પ્રેમપત્ર લખે છે. 'લલિત વિસ્તર' માંની ગોપા નામની રાજકુમારી અને ચન્દ્રગુપ્ત બીજાની પુત્રી પ્રભાવતી ગુપ્તા આ યુગની મેધાવી મહિલાઓ હતી. 'અમરકોશ' માં પણ સ્ત્રીઓને સબંધિત ઉપાધ્યાય, ઉપાધ્યાયી અને આચાર્યા જેવા શબ્દો બતાવે છે કે તે યુગ માં સ્ત્રીઓ પણ શિક્ષિકાનું કામ કરતી હતી. (ડૉ. ઉદયનારાયણ રોય, "ગુપ્ત સમ્રાટ ઔર ઉનકા કાલ" પૃ. ૩૪૪ )

રાજકુમારને શાસનતંત્ર ચલાવવાની તાલીમ આપવાની ગુપ્તકાલ માં વ્યવસ્થા હતી. તેમને પ્રારંભિક શિક્ષણ લીધા પછી નીતિ અને રાજ્યતંત્ર સંબંધી શિક્ષણઆપવામાં આવતું. પંચતંત્ર ના અભ્યાસ પરથી ખ્યાલ આવે છે કે,રાજકુમારોને પાંચ તંત્રાખ્યાયિકાઓનું શિક્ષણ

અપાતું હતું. સમુદ્રગુપ્તના પ્રયોગ પ્રશિસ્તલેખમાં હરીષેણ તેને "બધા શાસ્ત્રોનો જ્ઞાતા" કહે છે. તેથી રાજકુમારોને શસ્ત્રો અને અનેક ઉપયોગી શાસ્ત્રોનું શિક્ષણ અપાતું હશે તેમ લાગે છે. આ લેખમાં સમુદ્રગુપ્તને 'કવિરાજ' કહ્યો છે. તેથી કાવ્ય, છંદ, અલંકાર, વ્યાકરણ જેવા વિષયોનું શિક્ષણ પણ રાજકુવરો માટે આવશ્યક ગણાતું હશે. ઉપરોક્ત પરિસ્થિતિ ગુપ્તકાળમાં બહુ સારી ઘણી શકાય નહીં. ઉચ્ચ વર્ગની સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્ત થતું. સામન્ય સ્ત્રીઓ મૂળભૂત અધિકાળોથી વંચિત હતી. બાળ લગ્નને કારણે તેની શૈક્ષણિક અને શારીરિક વિકાસની તકો છીનવાઈ જતી.(૧૧)

**(બ) આર્થિક સમૃધ્ધિ** :-

ગુપ્તયુગમાં ભારતે આર્થીક ક્ષેત્રે અભૂતપૂર્વ સમૃધ્ધિના દર્શન કર્યા . રાજ્યની કલ્યાણકારી છત્રછાયા હેઠળ દેશના આર્થિક માળખામાં ખેતી, વ્યાપાર અને ઉદ્યોગોનો વિકાસ થયો. ગુપ્તકાલિન સાહિત્ય પરથી જણાય છે કે, તે સમયનું આર્થિક જીવન કૃષિપ્રધાન હતું. ખેતી પર કરભારણ ઘણું ઓછું હતું આ યુગમાં રાજ્ય તરફથી પ્રયાસ થતો કે વધુમાં વધુ જમીનને ખેતી યોગ્ય બનાવવામાં આવે. રાજ્ય તરફથી સિંચાઈ યોજનાઓ હાથ ધરવામાં આવતી હતી અને વિવિધ પ્રકારના પાક ઉગાડવા માટે ખેડૂતોને ઉતેજન આપવામાં આવતું હતું. ગુપ્તકાળમાં ઉપજના છઠ્ઠા ભાગ તરીકે જમીન મહેસુલ લેવામાં આવતું એ સિવાય બલિ, હિરણ્ય, ઉદ્રંગ, ઉપરીકર, વિષ્ટિ, જેવા કરો લોકો પર થોપવામાં આવતા.(૧૨)

તે સમયે ભારતના દરિયા કિનારે ખંભાત, તામ્રલીપ્તિ, કલ્યાણ, ચોલ જેવા ધીકતા બંદરો હતા. આ બંદરો દ્વારા પૂર્વે ચીન, શ્રીલંકા જાવા અને સુમાત્રા તથા પશ્ચિમ રોમન સામ્રાજ્ય અને પૂર્વે આફ્રિકાના પ્રવેશો સાથે ધમધોકાર વ્યાપાર ચાલતો હતો. હિન્દુસ્તાનમાંથી આ બધા દેશોમાં હીરા, મોતી જુદા જુદા પ્રકારનું કાપડ, સુગંધી દ્રવ્યો, તેજાના, કોપરા, ગળી અને હાથી દાંતની ચીજોની નિકાસ કરવામાં આવતી અને સોનું, રૂપું, તાંબુ, કપૂર, ખોરાક અને ઘોડાની આયાત કરવામાં આવતી એ રીતે વ્યાપારનું પાસું સાનુકુળ હતું અને પરદેશોમાંથી સોનું ભારતમાં ઘસડાઈ આવતુ હતું.

ઉદ્યોગો પરંપરાગત ચાલતા હશે તેમ ગુપ્તકાલિન પુરાવા પરથી ફલિત થાય છે. આ કાળમાં માટીના વાસણો કુંભાર દ્વારા અને લાકડાનું કામ સુથાર દ્વારા થતું. ગુપ્તકાળમાં કાપડ ઉદ્યોગ ખૂબ વિકસેલો હતો. સુતર, રેશમ, ઉન વગેરેના તાંતણામાંથી વસ્ત્ર બનતા. કાલિદાસના ગ્રંથોમાં તે સમયના મણીઉદ્યોગનો પરિચય મળે છે. ગુપ્તકાળમાં લોખડ ઉદ્યોગોનું જે સ્વરૂપ હતું તેનો ખ્યાલ મહેરૌલીના ચંન્દ્રગુપ્ત બીજાના લોહસ્તંભ ઉપરથી આવે છે.

પ્રાચીનકાળના ભારતીય યાતયાતના માર્ગોનું વિસ્તૃત અધ્યયન હજુ મળતું નથી. કેટલાક પ્રાસંગિક ઉલ્લેખોને આધારે પ્રાચીન માર્ગોનું માત્ર અનુમાન કરી શકાય. જમીન માર્ગે માલ લાવવા લઈ જવા માટે ગાડા, બળદની પોઠો અને ઊંટની વણજારો તથા હથિયારોનો ઉપયોગ થતો. નદી માર્ગે તથા સમુદ્ર માર્ગે વહાણનો ઉપયોગ થતો. આ સમયે વિકસતા જતા વ્યાપારને કારણે તક્ષશિલા, ઉજ્જૈન, પ્રયાગ, વારાણસી, ગયા, વૈશાલી, પાટલીપુત્ર, તામ્રલિપ્તિ વગેરે શહેરો આર્થિક રીતે સમૃધ્ધ થયા હતા અને તેઓ સંસ્કૃતિના કેન્દ્રો બન્યાં હતા.

આ સમયે દેશમાં આર્થિક સમૃધ્ધિ લાવવામાં વેપારીઓ, કારીગરો અને મજદુરોના મંડળો (શ્રેણીઓ) એ પણ અતિ મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ મંડળો સ્વતંત્ર અને સ્વાયત

હતા. તેમના વહીવટમાં રાજ્યની કોઇપણ પ્રકારની દખલગીરી ન હતી. લોકોને તેમની પ્રમાણિકતા અને સધ્ધરતામાં એટલો બધો વિશ્વાસ હતો કે તેઓ આ શ્રેણીઓ પાસે મોટી રકમ થાપણ તરીકે મુકતા હતા. આ ઉપરાંત તેમની પાસે તેમની પોતાની જમીન રહેતી તેની આવકમાંથી મંડળના સભ્યોને જરૂર પડે તેઓ મદદ કરતાં. મંદિરો અને ધર્મશાળાઓ બંધાવતા અને સખાવતી સંસ્થાઓ પણ ચલાવતા.

**(ક) સાહિત્ય ક્ષેત્રે પ્રગતિ** :-

**(૧) સંસ્કૃત ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ** :-

ઈતિહાસકારો ગુપ્ત સમયની જેમ પ્રાચીન ભારતીય સંસ્કૃતનો સુવર્ણયુગ ગણે છે, તેમ તેને સંસ્કૃત સાહિત્યનો પણ સુવર્ણયુગ ગણે છે. અને એ અર્થમાં તેને ઈંગ્લેન્ડની રાણી ઈલીઝાબેથ પહેલીના શાસનકાળ સાથે સરખાવે છે. (જે વખતે ઈંગ્લેન્ડમાં સાહિત્યના ક્ષેત્રે નવી જાગૃતિ આવી હતી અને મહાકવિ સેક્સપિયર જેવી સાહિત્યિક પ્રતિભાનો જન્મ થયો હતો.) ગુપ્ત સમયમાં સંસ્કૃત ભાષાને દરબારી ભાષાનું સ્થાન મળ્યુ હતું. રાજ્યના આદેશો, શિલાલેખો - તામ્રપત્રો વગેરે સંસ્કૃતમાં જ લખાતા હતા અને વિદ્વાનો પણ પોતાની કૃતિઓની રચના સંસ્કૃતમાં કરવામાં ગૌરવ માનતા હતા. આમ આ યુગમાં સંસ્કૃત ભાષાની પ્રગતિ 'ન ભૂતો ન ભવિષ્યતિ' ના રૂપમાં થઈ હતી.

**(૨) સાહિત્યિક રચનાઓ** :-

ગુપ્તયુગમાં સંસ્કૃત સાહિત્ય તેની સોળે કલાએ ખીલી ઊઠ્યું હતું. સંસ્કૃત સાહિત્યના સૌથી મહન કવિ અને નાટ્યકાર કાલિદાસ આ યુગમાં થઈ ગયા. તેમણે "અભિજ્ઞાન શાકુન્તલમ" "મલ્વિકાગ્નીમિત્રમ" "વિક્રમોવર્શીયમ" એવા નાટકો "કુમારસંભવ" ને "રઘુવંશ જેવા મહાકાવ્યો તેમજ ઋતુસંહાર" અને 'મેઘદૂત" જેવા ખંડ કાવ્યો રચ્યા હતા. આ રચનાઓની સાહિત્યિક વિશેષતાઓ અને ગુણવતાને કારણે કાલિદાસે "ભારતીય સેક્સપિયર" ની પદવી પ્રદાન કરવામાં આવી.

શુદ્રકે "મુચ્છકટિક" નામના નાટકની રચના કરી હતી. વિશાખાદ્દતે "મુદ્રારાક્ષસ" અને "દેવીચંદ્રગુપ્ત" નામક નાટકોની રચના કરી હતી. ભટ્ટીએ "રાવણવધ", અમરસિંહ "અમરકોષ", ચંદ્રગોમિને "ચદ્ર વ્યાકરણ" અને વિષણુશર્માએ "પંચતંત્ર" ની રચના કરી હતી.

મનસ્મુતિના આધરે આ યુગમાં યાજ્ઞવલ્કય, કાત્યાયન, બૃહસ્પતિ, નારદ, પરાશર વગેરે સ્મૃતિઓની પણ રચના થઈ. વાત્સ્યાયને "કામસૂત્ર" ની રચના કરી હતી. જેમાં ગુપ્ત કાલીન નાગરિક દૈનિક કાર્યવાહીનો અહેવાલ આપણને મળે છે.

**(ડ) કલા ક્ષેત્રે અજોડ પ્રગતિ**:-

**(૧) સ્થાપત્ય કલા** :-

ગુપ્તયુગમાં સ્થાપત્યના ક્ષેત્રે ઘણો વિકાસ થયો હતો. કાળના ઝપાટામાંથી બચેલા નમૂના આ યુગની સર્વોત્કૃષ્ટ સ્થાપત્યકલાની સાક્ષી પૂરે છે. ગુપ્તકાલના કેટલાક મંદિરો વિધમાન છે. તેમાં ભુમરાનું શિવમંદિર, નચનાનું પાર્વતી મંદિર, ઝાંસી જીલ્લામાં દેવગઢનું દશાવતાર મંદિર, કાનપુર પાસે ભિંતરિ ગાવનું ઇટેરી મંદિર, એરણનું વિષ્ણુ મંદિર, બોધીગયાનું મહાબોધી મંદિર, ઐહોલનું મંદિર વગેરે મંદિર નિર્માણના નમૂના છે. ગુપ્ત કાલીન અન્ય

સ્થાપત્યોમાં અજંતા, ઈલોરા અને ઉદયગિરીની ગુફાઓ, મઠ વિહારો તેમજ ચૈત્યો વગેરે જાણીતા છે.

**(૨) શિલ્પકલા (મૂર્તિકલા) :-**

આ યુગમાં શિલ્પકલા- મૂર્તિકલા ની પ્રગતી ચરમસીમાઓ પહોચી હતી . આ યુગની મૂર્તિકલાની સૌથી મુખ્ય વિશેષતા એ છે કે તેમાં આધ્યાત્મિક ભાવની અભિવ્યક્તિ દ્રષ્ટિ ગોચર થાય છે.

સારનાથની આસનસ્થ બુધ્ધની મૂર્તિ, મથુરાની વિષ્ણુ મૂર્તિ અને મહાવિરની મૂર્તિ, ઉદયગીરીની વિષ્ણુની વરાહમૂર્તિ, સુલતાનગંજ અને નાલંદાની બુધ્ધની તામ્રમૂર્તિ વગેરે ગુપ્તકાલિન મૂર્તિ કલાના ઉત્તમ નમૂનાઓ છે. ગુપ્તયુગમાં મૂર્તિકલામાં ઓજસ, માધુર્ય, પ્રાસાદિકતા અને વિશદતાના દર્શન થાય છે.

**(3) ચિત્રકલા**

ગુપ્તકાલમાં ચિત્રકલા પણ તેના વિકાસની પૂર્ણક્ક્ષાએ પહોચી ગઈ. કાલિદાસે ચિત્રકલાનું શિક્ષણ આપનાર માટે 'ચિત્રાચાર્ય' શબ્દનો પ્રયોગ કર્યો. આ યુગની ચિત્રકલાના વિશ્વવિખ્યાત નમૂનાઓ અજંતા અને બાઘની ગુફાઓની ચિત્રકલામાં નજરે પડે છે.

બ્રિટીશ ઈજનેર મેજર ડીલે ઈ. સ .૧૮૪૪ માં શોધેલી અજંતાની ત્રીસ (૩૦) ગુફાઓમાંથી ગુફા નંબર દશના સ્તંભ ચિત્રો, તેમજ ગુફા નંબર -૧૬, ૧૭,અને ૧૯ ના ભિંત ચિત્રો ગુપ્તયુગના છે. આ ત્રણેય ગુફાઓની દીવાલો પર છે. ગુફા નંબર -૧૬ નું 'મરણાસન (મરણોન્મુંખ) રાજકુમારીનું ચિત્ર' ચિત્રકલાનું અદ્વિતીય નમુનો છે. આ ચિત્રો કલાની દ્રષ્ટીએ સર્વોતમ છે. આ ચિત્રોના ઉત્કૃષ્ટ નમૂનાઓમાં ધનુષ્ય જેવી ભમર કેળ જેવી જાધ, હાથીના સુંઠ જેવા હાથ, ઘડા જેવા સ્તન, કમળની પાંદડી જેવી આંખ, અને આંગળીઓ તેમજ સિંહ જેવી પાતળી કમળ વાળી સુંદરીઓનો સમુહ ! સ્ત્રી તરફ પાશવી વૃત્તિ થાય એવી એક પણ ચિત્ર નથી. હથેળી અને આંગળીઓની છટાતો અજંતામાં મોટો કોષ છે. કેશગુફનનું વૈવિધ્ય અને અલંકારોનું સૌંદર્યતો ચકિત કરી નાખે તેવું છે. ખરેખર અજંતા કલાકારોનું તીર્થધામ બની ગયું છે.(૧૩)

બાગ ગ્વાલિયર પાસે આવેલું એક નાનકડું ગામ છે. ત્યાં વિધ્યાચળની પહાડીઓ કોતરીને ૯ ગુફાઓ બનાવવામાં આવી.છે. તેની દીવાલો પર સુંદર ચિત્રો મળે છે, જે ગુપ્ત સમયના હોવાનું માનવામાં આવે છે.

**(૪) સંગીતકલા**

ગાયન, વાદન અને નૃત્ય સંગીતના મુખ્ય અંગ ગણાય છે. અને તેમનો ઘનિસ્ટ સબંધ છે. ગુપ્તકાલીન ગાયનના સ્વરૂપ પર પ્રકાશ નાખતો કોઈ સિધ્ધાંત ગ્રંથ આજે મળતો નથી. પરંતુ કાલિદાસના ઉલ્લેખો ઉપરથી એમ જણાય છે કે તે સમય સુધીમાં ગાયને એક વ્યવસ્થિત સિધ્ધાંતનું સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. કાલિદાસે પોતાનમાં ગ્રંથમાં તાલ, લય, સ્વર, ઉપગાન વગેરે અનેક સંગીતના પારિભાષિક શબ્દોનું ઉલ્લેખ કર્યો છે.

ગાયન સાથે વદનનું ઉલ્લેખ ગુપ્તકાલીન સાહિત્યમાંથી મળે છે. સમુદ્રગુપ્તને વિણાવાદનનો ભારે શોખ હતો. તેના કેટલાક સિક્કાઓમાં સમુદ્રગુપ્ત ગાદી પર બેસીને વીણાવગાડતો હોય એવા ચિત્રો અંકિત થયેલા છે. સમુદ્રગુપ્ત તેની સંગીત કલાથી નારદને પણ શરમિંદો કરતો હતો.

અજંતા, ઈલોરા અને બાઘની ગુફાઓની દીવાલો પર સંગીત અને નૃત્યના દ્રશ્યો કંડારેયલા જોવા મળે છે. બાઘની ગુફાઓમાં પણ નર્તકી નૃત્ય કરતી અને વાધ્યો વગાડતી ચિત્રીત થયેલી નજરે પડે છે. આ યુગમાં સિક્કાઓ ઢાળવાની કલા પણ સારી રીતે વિકાસ પામી હતી.

**(ઈ) ગુપ્તકાળ દરમ્યાન વિજ્ઞાનની પ્રગતિ** :-

**(૧) ખગોળશાસ્ત્ર**:-

ગુપ્તકાળ દરમ્યાન ખગોળશસ્ત્રના ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ સધાઈ હતી. આર્યભટ્ટ ગુપ્તયુગ વિજ્ઞાનિકોમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. તે આ યુગનો મહાન ખગોળશાસ્ત્રી હતો. તેણે પોતાનો ગ્રંથ '**આર્યભટ્ટીયમ**' માં ખગોળશાસ્ત્રના સિધ્ધાંતોનું વિવેચન કર્યું છે. આ ઉપરાંત તેને 'કાશગીતિક સુત્ર' અને 'આચર્ય શિતષત' નામે અન્ય બે ગ્રંથો લખ્યા છે. તે સૌપ્રથમ નક્ષત્ર વૈજ્ઞાનિક હતો. જેને પ્રતિપાદન કર્યું કે, "પૃથ્વી ગોળ છે અને તે પોતાની ધરી ઉપર ઘૂમે છે, તથા તેના પડછાયા ને લીધે ચંદ્ર ગ્રહણ થાય છે." તેણે પોતાના ગ્રંથ "સૂર્ય સિધ્ધાંત' માં ગ્રહણોના શુક્ષ્મ કારણોની વિવેચના કરી છે. આર્યભટ્ટના વૈજ્ઞાનિક જ્ઞાન પર પ્રકાશ પાડતા ડૉ. અલ્તેકર લખે છે કે, "નિ:શંકપણે તે પ્રાચીન ભારતના સૌથી મહાન વૈજ્ઞાનિકોમાનો એક હતો. તે ગ્રીસમા વિકાસ પામેલી નક્ષત્ર વિધાના સિધ્ધાંતોથી સારી રીતે વાકેફ હતો."

આ કાળનો બીજો પ્રસિધ્ધ ખગોળશાસ્ત્રી વરાહમિહીર હતો. તેણે ખગોળશાસ્ત્ર પર લઘુજાતક, બૃહતજાતક, બૃહદસંહિતા, વિવાહપટલ, યોગમાયા અને પંચ સિધ્ધાંતિકા એમ છ ગ્રંથો લખ્યા છે. બૃહદસંહિતાની નક્ષત્ર અને જ્યોતિષને લગતી સર્વ પ્રકારની જાણકારી માટે એક જ્ઞાનકોષ સમજવામાં આવે છે.તેણે પંચસિધ્ધાંતીકામાં પૈતામહ, વશિષ્ટ, પૌલીશ, સૂર્ય અને રોમક એમ પાંચ ખગોળકિય સિધ્ધાંતોની ચર્ચા કરી છે. પંચસિધ્ધાંતીકાને 'ખગોળશાસ્ત્રનું બાઈબલ' ગણવામાં આવે છે.

ઈ. સ. ૬૨૮માં જન્મેલા બ્રહ્મગુપ્ત નામના ખગોળશાસ્ત્રીએ 'બ્રહ્મસિધ્ધાંત' ની રચના કરી હતી. આજ મહાન ગણિતજ્ઞન્યુટનથી ૧૫૦૦ વર્ષ પહેલા ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો હતો તે ભારત માટે ઓછા ગૌરવની વાત નથી.

**(૨) ગણિતશાસ્ત્ર** :-

આ યુગમાં ગણિતશાસ્ત્રના ક્ષેત્રે પ્રગતી થઈ. આર્યભટ્ટ ખગોળશાસ્ત્રી હોવા ઉપરાંત એક મહાન ગણિતશાસ્ત્રી પણ હતો. તેણે ગણિતને વિજ્ઞાનની એક સ્વતંત્ર શાખા તરીકે વિકસાવી હતી. તેણે દશાંશ પધ્ધતિ, વર્ગ, વર્ગમૂળ, અને સાદા સમીકરણનો ઉપયોગ કર્યો. આર્યભટ્ટે પોતાનો ગ્રંથ 'આર્યભટ્ટીયમ' માં અંકગણિત બીજ ગણિત અને ભૂમિતી ને લગતાં સિધ્ધાંતોનું પ્રતિપાદન કર્યું. તેણે દશાંશ પધ્ધતિ. વર્ગ, વર્ગમૂળ, શૂન્યની સંજ્ઞા, ઓછાનું ચિહ્ન (-) વગેરેનો ઉલ્લેખ કર્યો. ગણિતના આ ક્ષેત્રેમાં સૌથી મહત્વનું પ્રદાન દશાંશ પધ્ધતિ (દશમલવ પધ્ધતિ) છે. આ યુગમાં વર્ગ તથા વર્ગમૂળ તથા ઘન તથા ઘનમૂળ, ત્રિકોણમિતીના ગુણોત્તરોનો કોઠો વગેરે શોધાયા. તેમજ પાઈની કિંમત ૩.૧૪ જગણવામાં આવી.

**(3) આયુર્વેદ શાસ્ત્ર (ચિકિત્સાવિજ્ઞાન)** :-

આ યુગમાં આયુંર્વેદશાસ્ત્રના ક્ષેત્રે પ્રગતી સધાઈ. નાગાર્જુન નામના મહાન ચિકિત્સક અને રસાયણશાસ્ત્રીએ 'રસચિકિત્સા' નામની નવી ચિકિત્સા પધ્ધતિનો આવિષ્કાર કર્યો. તેણે

સિધ્ધ કર્યું કે સોનું, ચાંદી, તાંબુ, લોખંડ વગેરે ખનીજ ધાતુઓમાં રોગ નિવારણ શક્તિ રહેલી છે. તેણે પારાને મારીને તેનો ઔષધ તરીકે ઉપયોગ કરવાની પ્રથા શરૂ કરી હતી. છઠ્ઠી સદીના પ્રારભમાં વાગ્ભટ્ટ નામના આયુર્વેદ નિષ્ણાતે ચરક અને સુશ્રુતની ચિકિત્સાવિધાનો અભ્યાસ કરીને 'અષ્ટાંગ સંગ્રહક' અને 'અષ્ટાંગહદયસંહિતા' જેવી ઔષધશાસ્ત્રના ગ્રંથો લખ્યા હતા. ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાના દરબારમાં ધનવન્તરી આયુર્વેધશાસ્ત્રનો મુખ્ય આચાર્ય હતો.

આ યુગમાં પશુ ચિકિત્સાક્ષેત્રે હાથી અને ઘોડાના રોગ નિવારણ માટે અનુક્રમે પાલ્કાપ્યે 'હસ્ત્યાયુંર્વેદ અને શાલીહોત્રે 'અશ્વશાસ્ત્ર ની રચના કરી હતી.

**(૪) રસાયણશાસ્ત્ર અને ધાતુ વિજ્ઞાન ક્ષેત્રે**:-

આ ક્ષેત્રે પણ ગુપ્તયુગમાં નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. નાગાર્જુન આ બંન્ને વિદ્યામાં નિષ્ણાત હતો. તેણે પુરવાર કર્યું હતું કે, 'ખનીજ ધાતુઓમાં રોગનિવારણની શક્તિ રહેલી છે.'

નાલંદા વિદ્યાપીઠે રસાયણશાસ્ત્રના અભ્યાસ અને સંસોધન માટે અલગ રસાયણશાળા અને ભઠ્ઠીઓ રાખી હતી. દિલ્હી પાસેના ચન્દ્રગુપ્ત બીજાના 'મેહરૌલી સ્તભ' (લોહ સ્તંભ) ૬ થી ૬ ૧/૨ ટન વજન ધરાવે છે. તેની ઉંચાઈ લગભગ ૨૩ ફૂટ ૮ ઈંચ છે. આટલા વર્ષો ટાઢ, તડકા અને વરસાદમાં રહ્યો હોવા છતાંય હજુ સુધી તેના પર કાટ લાગ્યો નથી. જે ગુપ્તકાલીન ધાતુ વિદ્યાની પ્રગતીનું સાક્ષાત પ્રમાણ છે.

**(ઈ) ધાર્મિક સહિષ્ણુતાનો યુગ** :-

ગુપ્ત સમ્રાટો વૈષ્ણવ ધર્મી હતા તેઓ પોતાને પરમભાગવત કહેવડાવતા હતા. ડૉ. મુકરજીના મતે "વૈષ્ણવ ધર્મ ગુપ્ત સમ્રાટોનો રાજધર્મ હતો" તેઓ અશ્વમેઘ યજ્ઞ કરાવતા અને વિષ્ણુના મંદિરો પણ બંધાવતા. આ સમયમાં યજ્ઞો અને ક્રિયાકાંડો ઓછા થતા હતા. લોકો અવતારવાદને અને ભક્તિને વધારે મહત્વ આપતા હતા.

હિંન્દુ ધર્મ બૌધ્ધ ધર્મના સારાં તત્વો અપનાવી લીધા અને બુધ્ધને વિષ્ણુનો અવતાર માનવા લાગ્યા. આ સમયમાં વિષ્ણુ, શિવ, કાર્તિકેય, સૂર્ય જેવા દેવો અને લક્ષ્મી, દુર્ગા, પાર્વતી જેવી દેવોની પૂજા થતી હતી. વિષ્ણુ અને તમના અવતારોની અને પ્રસંગકથાઓ પ્રચલિત થઈ. તેમના અવતારો શિલ્પોમાં કંડારવા લાગ્યા. તેમાં શ્રીકૃષ્ણના વિવિધ સ્વરૂપો નોધપાત્ર છે. ભાગવત સંપ્રદાય (તમિલનાડું) દક્ષીણ ભારત પણ ફેલાયો. યજ્ઞ અને ક્રિયાકાંડોને બદલે ભક્તિને પ્રાધાન્ય મળ્યુ. તેમાં શિવલીંગની પ્રતિષ્ઠા થતી. આમ ગુપ્ત સમયમાં બ્રાહ્મણ ધર્મ હિન્દુ ધર્મ તરીકે ઓળખાવવા લાગ્યો. તે બૌધ્ધધર્મ અને જૈન ધર્મ કરતાં વધારે લોકપ્રિય બન્યો.

ગુપ્તરાજાઓ ઉદાર અને ધર્મસહિષ્ણુ હતા. તેઓ બૌદ્ધ અને જૈન ધર્મ પ્રત્યે પણ સમભાવ રાખતા હતા. બૌધ્ધ મઠોને અને જૈન ઉપાશ્રયોને રાજ્ય તરફથી આર્થિક સહાય મળતી હતી. ઉમાસ્વામી અને સિધ્ધસેનદિવાકર જેવા જૈન પંડિતો ગુપ્ત સમ્રાટોનો દરબાર શોભાવતા હતા. આમ ગુપ્ત રાજાઓ ધાર્મિક ભેદભાવ વગર દરેક ધર્મ ના વિદ્વાનોને આશ્રય આપતા હતા.

**સમાપન** :-

ગુપ્તયુગને સાચે જ હિંદનો 'શિષ્ટયુગ' કહેવામાં આવ્યો છે. કારણ કે બધાં ક્ષેત્રોમાં આ યુગમાં વસંત મ્હોરી છે. આ સમયની સર્જનાત્મક પ્રેરણા એ સંસ્કાર અને સમૃદ્ધિ એ દ્વારા રાષ્ટ્રીય માનસની ઉત્ક્રાંતિને, પછીની સદીમાં પોતાનું પ્રદાન કર્યું છે.

ઉપરોક્ત વિવરણ પરથી કહી શકાય કે ગુપ્તકાલમાં સામાન્ય પ્રજાની આર્થિક પરિસ્થિતિ સંતોષકારક હતી તેમાં વિકાસનો અવસર પણ મળતો. ગુપ્ત સામ્રાજયે શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ પેદા કર્યું હતું. જ્ઞાતિવ્યવસ્થાનું પ્રચલન બહુ મોટા પાયે જોવા મળે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી સામાન્ય પ્રજાની પહોંચથી બહાર હતું. પ્રચલિત સમાજ વ્યવસ્થા સ્ત્રીઓના વિકાસને રૂંધતી હતી. એટલે સુવર્ણયુગ તરીકે પ્રચલિત ગુપ્તયુગ સાંસ્કૃતિક વિરાસતના સંદર્ભમાં ઉત્તમ ચિત્ર પ્રસ્તુત કરે છે. પરંતુ સામાજિક અને રાજનૈતિક પરિપ્રેક્ષ્યમાં સામાન્ય પ્રજાને મહત્વ ઓછું મળતું હોય તેમ જણાય છે. ચાંદમાં ડાઘ હોય એમ ક્યારેક લાગે છે પરંતુ ચાંદ માં ડાઘ પણ એની ચાંદની શીતળતામાં ઢંકાઈ જાય છે.

**-: પાદનોંધ :-**

(૧) આર. કે. ઘારૈયા "પ્રાચીન ભારતનો ઈતિહાસ", બારમી આવૃત્તિ, સી. જમનાદાસની કંપની, અમદાવાદ, ૨૦૦૪-૦૪, પૃષ્ઠ. ૧૩૮.

(૨) ઈશ્વરલાલ ઓઝા "પ્રાચીન ભારતનો ઈતિહાસ", પ્રથમ આવૃત્તિ, રાવલ પ્રકાશન, પાટણ, ૧૯૯૩-૯૪, પૃષ્ઠ ૭૭.

(3) આર. કે. ઘારૈયા, પૂર્વોક્ત, પૃષ્ઠ ૧૩૮.

(૪) આર. જી. મજુમદાર, "ગુપ્તકાલીન ભારત", દ્વિતિય આવૃત્તિ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1998. પૃ. ૨૭૮.

(૫) આર. કે. ઘારૈયા, પૂર્વોક્ત, પૃ. ૧૫૨.

(૬) આર. જી. મજુમદાર, પૂર્વોક્ત, પૃ. ૨૮૧.

(૭) ગઢવી જનક "યુ. જી. સી. આયોજિત નેટ / જીસેટ ઈતિહાસ" યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાતરાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૦. પૃ. ૨૭૯.

(૮) એજન – પૃ. ૨૮૦.

(૯) આર. જી. મજુમદાર, પૂર્વોક્ત, પૃ. ૨૮૫.

(૧૦) ગઢવી જનક, પૂર્વોક્ત, પૃ. ૨૭૯.

(૧૧) એજન – પૃ. ૨૮૦.

(૧૨) આર. કે. ઘારૈયા, પૂર્વોક્ત, પૃ. ૧૬૦.

(૧૩) શાહ આર. સી." ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત અધત્તન આવૃત્તિ – ૨૦૦૩, પૃ. નં. ૧૮૦-૧૮૧.